**Shri Govind Guru University, Godhra**
(Established vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/જોડાણ/૨૦૨૨-૨૩/૧૩૪૨૮ તા. ૧૫/૦૯/૨૦૨૨

## પરિપત્ર: ૨૮૧૮

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરવા બાબત.

સંદર્ભ: ૧) ગુજરાત એક્ટ ૨૪/૨૦૧૫ ની જોગવાઈ નં ૪૦.
૨) યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૦૯ ફોર એફીલેશન ઓફ કોલેજીસ બાય ધ યુનિવર્સીટી

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, હોમિયોપેથી, મેડીકલ-પેરા મેડીકલ, આર્કિટેક્ચર, ડીપ્લોમાં અને સર્ટીફીકેટ કોર્ષના વિવિધ અભ્યાસક્રમના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ જોડાણ અરજીઓ આમંત્રિત કરવાની રહે છે. આ યુનિવર્સિટી વિસ્તારના ૫ જીલ્લાઓ (પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા-ગ્રામ્ય) ખાતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી આપની સંસ્થા/કોલેજના આ યુનિવર્સીટી સાથે નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ મેળવવા માટે ઓનલાઈન પદ્ધતિ દ્વારા જોડાણ વિષયક પ્રક્રિયા કરી શકશે.

યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત અભ્યાસક્રમના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે affiliation.sggu.ac.in લીંક મારફત જોડાણ અંગેનું અરજી પત્રક તેમજ જોડાણ વિષયક ફી ઓનલાઈન પોર્ટલ મારફત ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરવા માટે યુનિવર્સિટી વેબસાઈટ પર પોર્ટલ તા. ૧૫/૦૯/૨૦૨૨ થી શરુ થશે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | રેગ્યુલર ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. 31/10/2022 |
| ૨ | રેગ્યુલર ફી + લેઇટ ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. 30/11/2022 |
| 3 | રેગ્યુલર ફી + લેઇટ ફી + પેનલ્ટી ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. 31/12/2022 |

<u>વધુમાં, આ યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલના ઠરાવ અનુસાર ફક્ત ચાલુ જોડાણ ધરાવતી સંલગ્ન કોલેજો એક સાથે વધુમાં વધુ ૩ વર્ષ માટે ચાલુ જોડાણ અંગેની પ્રક્રિયા કરી શકશે.</u> વધુમાં, ચાલુ જોડાણ ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ઓનલાઈન/ઓફલાઈન પદ્ધતિ મારફત પણ અરજીપત્રક અને સાધનિક દસ્તાવેજો સાથે અરજી કરી શકશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નોંધ: યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજ દ્વારા ગત વર્ષ માં ૩ વર્ષ માટે જોડાણ વિષયક પ્રક્રિયા કરેલ હોય, તે કોલેજ/સંસ્થા દ્વારા આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી શરુ થતી જોડાણ વિષયક પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહિ.